**સુવિચાર : વિજ્ઞાન માણસને એટલું લાંબુ આયુષ્ય તો નહીં આપી શકે કે જેમાં પત્નીની બધી ઇચ્છાઓ તે પૂરી કરી શકે - તરૂણસાગરજી**

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૫૮ | ૮ મે, ૨૦૧૫, શુક્રવાર ; વૈશાખ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



**સલમાનને જેલ કે બેલ મુદ્દે આજે ચુકાદો**

Page-6

# જિલ્લામાં વેટની આવક ૧૨૦૦ કરોડથી વધુ

## પાંચ વર્ષમાં આવકમાં નોંધપાત્ર વધારો નોંધાયો તંત્ર દ્વારા બાકી વસુલાત માટે પણ અસરકારક અભિયાન યોજાશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં વેટની આવક ૧૨૦૦ કરોડથી પણ વધુ થતાં જિલ્લાએ છેલ્લા પાંચ વર્ષમાં વિક્રમી આવક મેળવી છે.

મળતી વિગતો પ્રમાણે ૨૦૧૦-૧૧ની તુલનામાં આ આવક બમણાથી પણ વધારે થવા જાય છે.

૨૦૧૦-૧૧માં વેટની આવક રૂ. ૬૪૯ કરોડની થઈ હતી. જે વર્ષ ૨૦૧૧-૧૨માં વધીને રૂ. ૯૫૪ કરોડ અને ૨૦૧૨-૧૩માં ૧૦૮૬ કરોડ થઈ હતી. ૨૦૧૪-૧૫માં આ આવક રૂ. ૧૨૦૦ કરોડના આંકને પણ વટાવી ચુકી છે.

ગાંધીનગર જિલ્લામાં વેટની આવકમાં સતત વધારો થઈ રહ્યો છે. તે જિલ્લાના આર્થિક રીતે ઔદ્યોગિક વિકાસની નિશાની છે.

મળતી વિગતો પ્રમાણે ડિસેમ્બર અંતિત રૂ. ૨૭૯ કરોડની જે વસુલાત બાકી હતી તે માટેના ચક્રો પણ ગતિમાન તંત્ર દ્વારા કરી દેવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેર ઉપરાંત કલોલ પંથકમાં વેટની વસુલાત માટે તંત્રએ સક્રિયતા દાખવી અને અસરકારક પરિણામો મેળવી એક અનોખી સિદ્ધિ નોંધાવી છે.

## મુખ્યમંત્રી આનંદીબેન પટેલ પ્રધાનમંત્રી મોદી સાથે ચીનના પ્રવાસે જશે

ગાંધીનગર, તા. ૭

ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી સાથેના પ્રતિનિધિમંડળમાં ચીનના પ્રવાસે જશે.

શ્રીમતિ આનંદીબેન પટેલનો આ પ્રથમ વિદેશ પ્રવાસ છે. તેઓની સાથે આ પ્રતિનિધિમંડળના સભ્ય તરીકે મહારાષ્ટ્ર અને કર્ણાટકના મુખ્યમંત્રીશ્રીઓ પણ છે.



ગુજરાતના મુખ્યમંત્રી તરીકેનો હોદ્દો સંભાળ્યા બાદ શ્રીમતિ આનંદીબેન પટેલ પ્રથમવાર વિદેશ પ્રવાસે જઈ રહ્યાની બાબતનો આજે વિધિવત્ એકરાર તેમના કાર્યાલયે પણ કર્યો છે. આગામી સપ્તાહમાં તેમનો આ વિદેશ પ્રવાસ છે. ત્રણ દિવસનો આ પ્રવાસ કાર્યક્રમ છે.

તેઓ ચીનના રોકાણ દરમ્યાન ત્યાંના ઉદ્યોગગૃહોના પ્રતિનિધિમંડળ સાથે પણ રાજ્યમાં રોકાણ માટે આવવા વન ટુ વન બેઠક કરનાર હોવાનું જાણવા મળેલ છે. આ ઉપરાંત ચીન સરકાર સાથે પણ અલગથી બેઠક કરનાર છે.

ચીનના રાષ્ટ્રપતિ જિનપીંગ ગુજરાત આવ્યા હતા તેના બાદ હવે ગુજરાતના મુખ્યમંત્રી ત્યાં જઈ રહ્યા છે તે પણ યોગાનુયોગ છે.

# શહેરમાં કુટુંબ નિયોજન ક્ષેત્રે પુરુષોની ઉદાસીનતા

## ગયા વર્ષે માત્ર ૪ પુરૂષોએ નસબંધી કરાવી : ભણેલી સ્ત્રીઓ કુટુંબ-નિયોજન માટે વધુ આગ્રહી પણ પુરૂષો ઉદાસીન

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેર અને જિલ્લાના શહેરી વિસ્તારમાં પુરૂષો દ્વારા કુટુંબ નિયોજનની પધ્ધતિઓ અપનાવવામાં ઉદાસીનતા દાખવવામાં આવી રહી છે.

ગાંધીનગર શહેર જે આમ તો કલા અને સંસ્કૃતિ તેમજ શબ્દની આરાધનાને લઈ આગવી ઓળખ જરૂર ધરાવે છે પરંતુ જે રીતે કુટુંબ-નિયોજનની પધ્ધતિઓ અપનાવવામાં ઉદાસીનતા દાખવી રહેલ છે. તે તંત્ર માટે પણ ચિંતાનો વિષય બની રહેલ છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં વિતેલા વર્ષમાં માત્ર ૪ પુરૂષો જ નસબંધી માટે આગળ આવ્યા હતા. જેની સામે મહિલા લાભાર્થીઓની સંખ્યા ૬૩૦ જેટલી નોંધાયેલી છે.

કુટુંબ નિયોજનની પ્રથા માટે સરકારે આમ તો અનેકવિધ કાર્યક્રમો આપ્યા છે. સરકારે ચૂંટણી લડવાના કાયદામાં પણ સુધારો કરી બે સંતાનથી વધુ સંતાન ધરાવતા ઉમેદવારને ગેરલાયક ઠેરવવાનો કાયદો બનાવ્યો છે.

જો કે આ બધાની વચ્ચે વસ્તી વિસ્ફોટની સમસ્યાને નાથવામાં પુરૂષોની ઉદાસીનતા એ ગંભીર સમસ્યા બની રહી છે.

આરોગ્ય તંત્રના અધિકારીઓ એવું કરી રહ્યા છે કે મહિલા શિક્ષણ પર સરકારે ભાર મુકયા પછી ભણેલી મહિલાઓ કુટુંબ નિયોજન પધ્ધતિઓ અપનાવવામાં અગ્રેસર રહી છે .બે બાળકો બાદ ઓપરેશન કરાવનારાઓની સંખ્યા પણ વધુ છે. જો કે પુરૂષોના ઓપરેશન સરળ અને ઝડપી હોય છે તેમજ તેમને આરામની જરૂરિયાત પણ ઓછી રહેતી હોય

● અનુસંધાન પાન-૭ પર



સાહસિકતાની તાલીમ - શહેરની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં ચાલતા સમર કેમ્પ દરમિયાન વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારની તાલીમ અપાય છે... કડી કેમ્પસમાં યોજાયેલા સમર કેમ્પમાં વિદ્યાર્થીઓમાં સાહસિકતાના ગુણનો વિકાસ થાય અને આત્મવિશ્વાસપૂર્વક જીવનના પડકારો ઝીલી શકે એવા આંતરિક શક્તિના વિકાસ માટે કપરા ચઢાણની અનોખી તાલીમ અપાય છે... (તસવીર : દિપક જાની)



ગુજકેટની પરીક્ષા - ધોરણ-૧૦, ૧૧ અને ૧૨ સળંગ ત્રણ વર્ષ પરીક્ષામય પસાર કર્યા બાદ છેલ્લી પરીક્ષા એટલે ગુજકેટની પરીક્ષા આપીને બહાર નિકળતા વિદ્યાર્થીઓ હળવાફુલ મિજાજમાં દેખાતા હતા. પ્રશ્નપત્રો પણ પ્રમાણમાં સરળ હતા. અને પરીક્ષાઓમાંથી મુક્તિનો હાશકારો અનુભવાતો હતો.

## શહેરનું મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી

ગાંધીનગર, તા. ૭

આજે ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી રહ્યું હતું. જોકે અમદાવાદમાં મહત્ત તાપમાન ૪૨.૫ ડિગ્રી રહ્યું હતું જે રાજ્યમાં સૌથી વધુ તાપમાન છે. આવી જ રીતે અમરેલીમાં પણ ૪૨.૫ ડિગ્રી તાપમાન રહ્યું હતું. નિચલી સપાટીએ ફુંકાઈ રહેલા પવનના પરિણામ સ્વરુપે આ સ્થિતિ બનેલી છે. તાપમાનમાં ઉતારચઢાવ જારી રહે તેવી શક્યતા છે. ગરમીના કારણે આજે પણ લોકો ત્રાહિમામ પોકારી ગયા છે.ગરમીના પરિણામ સ્વરૂપે બેભાન થવાના અને ઝાડા ઉલ્ટી, છાતીમાં દુઃખાવો અને અન્ય ગરમી સંબંધિત ઈમરજન્સીના બનાવો પણ નોંધાયા હતા. બેભાન થવાના બનાવ ગુજરાતમાં ૪૩૫ અને અમદાવાદમાં ૧૦૬ જેટલા નોંધાયા છે. લુ લાગવાના સંકેત દેખાય તો તરત જ ૧૦૮ને મદદ કરવા માટે કોલ કરવાનું કહેવાયું છે. આજે કાળઝાળ ગરમીથી લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. અમદાવાદ માટે સ્થાનિક આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, આવતીકાલે પારો ૪૨ ડિગ્રી રહી શકે છે.

# ચૂંટણી રણનીતિ પર ચર્ચા કરવા આજે કોંગીની બેઠક

## પ્રદેશ પ્રભારી ગુરુદાસ કામત, ભરતસિંહ સોલંકી તેમજ શંકરસિંહ વાઘેલાની હાજરીમાં દિવસભર બેઠકોનો દોર

અમદાવાદ,તા. ૭

રાજ્યમાં ઓકટોબર મહિનામાં યોજાનારી મહાનગરપાલિકાઓ તથા જિલ્લા પંચાયતો વગેરેની ચૂંટણી માટે પક્ષની રણનીતિ નક્કી કરવા તથા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મહિલાઓને ૫૦ ટકા પ્રતિનિધિત્વ આપવાની દિશામાં મહિલા સંગઠનને વધુ સુદૃઢ કરવા કોંગ્રેસ પક્ષની આવતીકાલે ૧૧.૦૦ વાગે રાજીવ ગાંધી ભવન ખાતે મહત્વની ત્રણ જુદી જુદી બેઠકો યોજાશે. જેમાં પ્રદેશ પ્રભારી ગુરુદાસ કામત, પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી, વિધાનસભા વિપક્ષના નેતા સંકરસિંહ વાઘેલા, પૂર્વ પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયા,

● અનુસંધાન પાન-૭ પર


KIPA

ઉનાળુ વેકેશનની રજાઓનો સદ્ઉપયોગ કરી, નવું કૌશલ્ય પ્રાપ્ત કરો

ફોક, વેસ્ટર્ન અને ભરતનાટ્યમ ડાન્સીંગ

૧૦ મે, ૨૦૧૫ થી બે-મહિના સુધી અઠવાડિયામાં ત્રણ દિવસ

ફ્લોર એક્સરસાઇઝ અને એરોબિક્સ

(ફક્ત બહેનો માટે)

૧૦ મે, ૨૦૧૫ થી બે મહિના સુધી અઠવાડિયાના પાંચ દિવસ

(શનિ-રવિ સિવાય)

પ્રથમ ૫૦ વિદ્યાર્થીઓને સ્પેશીયલ ડિસ્કાઉન્ટ

ખુશબૂ કુલદીપ શુકલ મો.7405117117

પ્લોટ નં.૫૬૧/૨, તેજસ સોસાયટી, સેકટર-૨૩, ગાંધીનગર.

વિવેકાનંદ એકેડમીનું ગૌરવ

ગુજરાત ગૌણસેવા પસંદગી મંડળ દ્વારા લેવાયેલ

ઓફિસ આસિસ્ટન્ટની પરીક્ષામાં

ગુજરાતમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી

વિવેકાનંદ એકેડમીનું ગૌરવ વધારનાર



કેડીયા જીજ્ઞેશને

મેળવેલ ગુણ : 260.877 / 300

અંતઃકરણપૂર્વક અભિનંદન તથા જીવનમાં ઉત્તરોતર પ્રગતિ કરે તેવી શુભકામનાઓ...

ઓફિસ આસિસ્ટન્ટની પરિક્ષામાં પાસ થનાર સંસ્થાના તમામ વિદ્યાર્થીઓને પણ ખુબ ખુબ અભિનંદન...

વિવેકાનંદ એકેડમી

677, મુખ્ય શોપીંગ સેન્ટર, ઇલ્કવાયરી ઓફિસ સામે, સેક્ટર-22, ગાંધીનગર. M.99256 98721

Email : vivekanandacademy2012@gmail.com | info@vivekanandacademy.org

www.vivekanandacademy.org


